એક બહુજ રમુજી

હીરા-માણેકનો ફારસ.

બનાવનાર,

હિરાચંદ [illegible] ગોરધનદાસ પારેખ.



હીરાચંદ શેઠના, વાહુજી સાહેબ !

દોહરો.

[illegible] કીમત [illegible], માણેક મોંઘે મુલ,
જો પાછી [illegible], તો તો વાચ્યુ ધુળ.

સુરત.
શ્રી રાઇઝીંગ સ્ટાર પ્રીંટીંગ પ્રેસ.
([illegible] મંદીર પાસે હાલમા નવોજ નીકળેલો.)
સંવત ૧૯૪૫. સને ૧૮૮૯

પાત્ર

હીરો—ફારસનો નાયક ; વીજભુખણદાસનો છોકરો.
માણેક—ફારસની નાયકણી; હીરાની વહુ. દામોદરદાસની છોકરી.
વીજભુખણદાસ—એક નગરવાસી. હીરાનો બાપ.
જીવી —વીજભુખણદાસની વહુ. હીરાની મા.
જમનાદાસ—વીજભુખણદાસનો પડોસી.
કસ્તુરી—જમનાદાસની વહુ.
ઝવેર—વીજભુખણદાસનો બીજો પડોસી.
દામોદરદાસ—હીરાનો સસરો; માણેકનો બાપ.
વીજીબા—હીરાની સાસુ. દામોદરદાસની વહુ.
વિદુષક—એક મશ્કરો.

જમરૂખવાળો, બરફીવાળો, સરબતવાળો વિગેરે વિગેરે—

ગાગનો ગરબો—સંવત ૧૯૪૫ ના ચૈત્ર [illegible] ને [illegible] નૂરાના મોટી આગનો અતીગતર ગરબો. કિંમત [illegible] ગયેલા ઘરોના નામ ઠામ સુદ્ધા [illegible] આવી છે.

[illegible] ના ગાયનો —ઘણાજ સારા ગાયનો [illegible] ખાત્રી વાંચવાથી થશે. કિંમત [illegible]

[illegible] છાપખાનું [illegible] ગીરસ્તાર પ્રિન્ટીંગ [illegible] નાદાર અને જલદીથી કામ [illegible] સજ્જનોને આ છાપખાનાની [illegible] ભલામણ કરીએ છીએ.

'આત્મારામ'

હીરા-માણકનો ફારસ.

પ્રવેશ પેહેલો.

સ્થળ-વીજભુખણદાસનું ઘર.

હીરો—મા, આજે વળી આ તે કોણ આવ્યુંછે? હું એને શું કહીને બોલાવું વારૂ?

જીવી—મેર મારા પીટયા એતો તારી બાયડી થાય એને બોલાવાય નહીં હોંકે. બોલાવતો ના.

હીરો—મેર મોઇ તું એ કાંઇ ગાંડીજ દેખાય છે. મને પરમેસ્વરે મોહોડું બોલવા આપ્યુ છે કે શું કરવાને?

કાશી—અલ્યા એને તું શું કહીને બોલાવીશ?

હીરો—મારા ઝવેર કાકાએ કહ્યું છેકે પોતાનાથી જે નાની હોય તેને છોકરી કહેવી બરોબરીઅણ હોય તેને બેન કહી બોલાવવી અને મોહોટી હોય તેને બા કહેવી. એતો મારાથી મોટી છે માટે હું તો એને બા કહીને બોલાવીશ.

જીવી—જરા વિચારીને બોલ. આ'વું શું ગાંડુ બોલેછે પીટયા આટલા વરશ તેં કયાં નાંખ્યા?

હીરો—ત્યારે હું શું કહીને બોલાવુ ચાલ બોલ.

જીવી—બેસ, બેસ, એતો તારી વહુ થાય.

હીરો—જોની સાંભળ; તું મારા બાપની વહુ કેની. તેને હુ બા કેમ કહુંછું? ત્યારે એ મારી વહુને હું બા કહીને કેમ ન બોલાવું? તુ મારા બાપને વાહાલી, અને એ કાંઇ ફેંકી દેવાની હશે કે?

વિદુષક—વાહવાહ! ધન્ય તારી ખુબીને! શી બલીહારી!

કાશી—(હસતા હસતા) અલ્યા, એ મોટી છે, એટલેતો તને કેડમાં લઇને પણ ફરશે કેમ?

હીરો—હાસ્તો વળી. એમાં પુછવાનું શું? અને હુ ભુખ્યો

થાઉ ત્યારે દુખ થાય-સંસી. કેમ? આવી બાપડી હોય તે સારી ખરી? બધાએ કામમાં આવે.

(કાશી તથા જીવી બેઉ ખડખડ હસે છે. ને માણેક પણ મોએ લુગડું દઇ હસે છે.)

જીવી—(કાશીને) બેન, જવાદે એ મુઆને ખીજવવો. એનામાં અક્કલ ક્યાં છે? એતો જેમ આવશે તેમ ભરડશે.

હીરો—હાસ્તો. જેની કાલે તને મગ-ભરડવા નો'તા આ ગ્યા કે? વળી કેવી ભુલી જાય છે?

કાશી—તમે ભરડો સુધ્ધાંત કે?

હીરો—હાસ્તો. ભરડીએ તેમાં શું કોઇના બાપની ચોરી ચોરી કરી હતી. તનેતો બોલવાનુજ વધારે આવડે છે મારા જમનાદાસ ભાઇને કોઇ દિવસ કેડમાં લઇને ફેરવ્યા નહીં, ત્યારે તુ બાપડી શા કામની? છીઃ છીઃ

(એટલામાં વીજભુખણદાસ આવેછે. એટલે હીરો વહેલો વહેલો બાપની પાસે જઇને નીચે પ્રમાણે પુછેછે.)

હીરો—જુઓ બાપા, આ તમારી વહુને હું બા કહું ત્યારે મારી વહુને બા કેમ નહીં કહુ?

(સઘળા લોકો ખડખડ હસેછે.)

પ્રવેશ બીજો.

સ્થળ—હીરાનું સયનગ્રહ.

હીરો—કેમ આજતો ખુબ વાતના ઝપાટા સાંભળ્યા કે—ની? જોની, વળી મારી માને અદેખાઈ આવી?

માણેક—હા. અરે! તમેતો બેહદ કરીતો. (હસેછે.)

હીરો—ત્યારે અમે કાંઇ જેવા તેવા છઇએ? એક આંગળીએ આકાશને ન ઊંચકી કાઢું તો મારૂં નામ હીરો નહીં.

માણેક—(મનમાં) દેદારતો તમારા તેવાજ. (પ્રકાશ.) પ્રાણનાથ! તમે આવુ બોલ્યા તેતો બેહદ કરી. એવુ તે બોલાય

હીરો—તેમાં શુ વળી મેં કાંઇ ખોટું ઘોડુંકજ કહ્યુંછે?

માણેક—વારૂ, પણ તમે બાહાર ગયા ત્યારે સાસુજી કયાં ગયા હતા તે તમને કાંઇ માલમ છે વારૂ?

હીરો—હા. એતો પેલા કુમેરીઆ ખવાસને ત્યાં ગઈ હતી. અને પછી જ્યારે પાછો આવ્યો ત્યારે હીંચકા પર તે બેઉ જણા પાન–સોપારી ખાતા હીચકયા કરતા હતા. મા છેકેની તે ત્યાંથી પૈસા લાવે છે; એટલે ઘરનો ખરચ નીભે છે. વારૂ, તું કેમ એમ કરતી નથી? તું પણ કોઇ એવો શોધી કહાડની કે પછી ખાસી મંજેથી મોહોજ મારીએ.

માણેક—(મનમાં)આ રડયો તો તદનજ ગાંડો છે. એની સાથે મારૂં પાંનું કયાંથી પડયું. આતો જેમ આવે તેમ બરડયોજ ચાલ્યો જાયછે. એનેતો કશુએ ભાન હોય એમ લાગતુ નથી. એને મનતો બધી રમતજ છે. હોયજનો. વરષ તો હજુ આઠ કે વધાર. પ્રભુ! પ્રભુ!!

હીરો—કેમ, કંઇ બહુ વિચારમાં પડી ગઇછે. હું મરી જાઉ તેના લાડવા ખાવાના વિચારમાં છે કે શું? ના. ના હુંતો હમણા મરવાનો નથી.

માણેક—(હાસ્ય ન સહન થવાથી હસેછે.) રાત ગઇછે બહુ માટે હવે સુઇ જાઓ તો બહુ સારૂ; આપ થાકી પણ ગયા હશો. (મનમાં) ધુળમાં બહુ આળોટયા હતા તો.

હીરો—હા, મારી બા. ખરૂં એમજ છે. આજેતો મે પેલા જગલાને રમવામાં ખુબજ હરાવી પાડયો હોં કે? અને હવે પેલો પ્રેગલો તો મારૂં નામજ લેવા પામવાનો નથી; તેનો તો જન્મારોજ સફળ કરી આપ્યો છે.

(માણેક વચને વચન સાભળી હસેછે. એક દુઃખ ને બીજુ હસવુ. અરે પ્રભુ!)

હીરો—કેમ બા, જો હવે મને ભુખ લાગી છે; મને જરા દુધ પાયતો ઠીક થાય હોં.

માણેક—(ગુસ્સે થઇને) ચુપ. ચુપ હવે છાના માના સુ

જ જાઓ. (જેવો દેશ તેવો વેશ વિચારી ને.) બાજુક પકડી જરો છાના રહો છાના હવે.

(હીરો જરા ધીરો પડયો, અને વળી આંખમાં ઊંઘ પણ આવવાથી ઊંઘી જાય છે. માણેક પણ ઊંઘી જાય છે.)

પ્રવેશ ત્રીજો.

સ્થળ—દામોદરનું ઘર.

વીજીઆ—કેમ હજી સુધી હરીલાલ કંઈ આવ્યા નહીં?

દામોદર—હવે આવવા તો જોઈએ.

વિદુશક—પેલા છોકરાઓ જોડે રમી રહે ત્યારે આવેની!

(એટલામાં હીરો આવેછે.)

વીજીઆ—ચાલો અબોટીયુ બદલો.

હીરો—તમારે ત્યાં આવીએ ત્યારે એજ કજેતી. હજી અબોટીયુ પેહેર્યુ તો છે નહી ત્યાર પેહેલા બદલાવોછો શાનુ ?

(દામોદર તથા વીજીઆ હસેછે.)

વીજીઆ—કેમ, હજુ બેસી રહયાછો. ચાલો, અબોટીયુ પહેરોને. રસોઇ ટાઢી થઇ જાયછે.

હીરો—ના, ના. અમે કાંઇ જમવા આવ્યા નથી. અબોટીયુતો બદલાવવા કહોછો; ત્યારે જમાડવાના શુ હતા !

દામોદર—ચાલો હવે જમવા.

હીરો—ના, ના. હુંતો કદી આવવાનો નથી. જરા ભારે તો થવા દો.

વીજીઆ—ભારે થવું તે શું ?

હીરો—તમારી પાસે ખાવાના કાલા વાલા કરાવવા તે.

(થોડીક વાર સજ્જ બેશી રહેછે.)

વીજીઆ—ચાલો. હવેતો ઉઠો.

વિદુષક—એ । થયા ભારે. હવેતો ઊંચકી જાઓ ત્યારેજ તો એને કાંઇ જેવા તેવા છે!

હીરો—હાસ્તો. હું કંઇ જેવો તેવો નથી. દેવાળીઆનો જમાઇ છું.

વિદુષક—હીરા, તું કેમ ભુલ્યો ? તારી હજામત આટલી બધી વધી છે, તે વળી તેના પૈસા ક્યાં ખરચશે. સાથે લાગુ અહીં આજ કરાવી લેજે.

હીરો—હવેતો હજામત કરો ત્યારેજ જમવા આવું.

વીજીઆ—ચાલો, જમ્યા પછી સઉ થશે.

હીરો—ના, પણ તે પહેલા કહોકે; તમે હજામત કરશો કે મારા સસરા હજામત કરશે ?

વિદુષક—ના, ના. તારી સાસુ જેવી હજામત કરતાતો, આખા શેહેરમાં કોઇને આવડતી નથી.

(જેમ તેમ કરતા ખાવા બેસેછે.)

વીજીઆ—કેમ રસોઇ કેવી છે ?

હીરો—છીઃ દાળ તો ખારી છે; નેવળી જરા મોળી પણ છે. તે સાથે શાક તો મોળુ તેમજ તીખું બેઉ છે. આ લાપશી આવી કાળી કેમ કરી નાંખીછે ? શું અંદર ગધેડાના લીંડા બીંડા થોડાક નાંખ્યા'તા કે શું ?

વિદુષક—ઘી ખોરૂ છે તે કેમ ભુલી જાયછે ? તારે સાસરે મને જરા જમાડયોએ નહીં ?

હીરો—શું જમાડુ મારી સાસુ એવી છે, કે મને જમાડવો પડેછે તેમાંજ કંડે પ્રાણ આવેછેતો. પણ કાંઇ નહીં, એની મો'હાણુ માંડી કે હમણા જમવા બેસાડશે.

(બધા હસેછે.)

પ્રવેશ ચોથો.

સ્થળ—રસ્તો.

હીરો—(મનમાં) આજે શું શાક લાવીશુ ? ઠીક. આજેતો આપણા હાથમાં એક પૈસો આવ્યોછે. એના બરકી, પે

ડા, જમરૂખ સક્કરજન, ધારાં, મમરા અને કારેલાનું શાક લાવીશું તેમાંથી શાક ઘરમાં આપીશું, ને બીજાની ઉજાણી જમીશું.

વિદૂષક—અલ્યા વિચાર તો સોના મોહોર જેવો કીધો.

(એટલામાં જમરૂખ વાળાની દુકાન આવવાથી, તે દુકાન આગળ જાયછે, અને નીચે પ્રમાણે વાત-ચીત થાયછે.)

હીરો—અલ્યા, જમરૂખ કેટલા આપેછે?

જમરૂખવાળો—પૈસાના બે.

હીરો—લાવ. સાળા, બે જમરૂખ.

જમરૂખવાળો—ચલ, ચલ. સાળો કોને કહેછે? લેવા હોયતો લે, નહીતો ચાલ્યો જા.

હીરો—ના, ભાઇ ના. તું તારે સારા બે જમરૂખ આપ એટલે પત્યું.

જમરૂખવાળો—(જમરૂખ આપીને, પૈસાને માટે હાથ ધરેછે.)

હીરો—અલ્યા હાથ કેમ ધરયો?

જમરૂખવાળો—પૈસો લાવ.

હીરો—પૈસો શાનો આપું? પૈસામાંતો મારે હજુ બરથી પેડા, સક્કરજન, ધારી, મમરા વિગેરે લેવું છે.

જમરૂખવાળો—ત્યારે જમરૂખ પાછા આપ.

(હીરો જમરૂખ કે પૈસો કાંઇ આપતો નથી. અને જ્યારે જમરૂખવાળાએ પૈસો હાથમાંથી લેવા માંડયો ત્યારે:—)

હીરો—મારો પૈસો લઇ લેછેરે—

(એટલામાં બધા લોકો દોડી આવ્યા ત્યારે પેહેલા જમરૂખ વાળાએ થોડો ઘણો ઠફડયો હતો. આખરે સઘળા લોકોએ એ જમરૂખ પાછા અપાવ્યા. અને હીરો આગળ ચાલ્યો. બરફીવાળાની દુકાન આવવાથી હીરો ત્યાં જઇને બોલ્યો:—

હીરો—સારી બરફી છે કે?

બરફીવાળો—હા સાહેબ જેવી જોઇએ તેવી છે. લો ચાખો.
(હીરો ચાખેછે)

હીરો—છીઃ એતો કંઈ કામની નહીં. બીજી ઊંચી જોઇએ.

બરફીવાળો—લો સાહેબ. (હીરો ચાખેછે.)

વિદુષક—જોજો બાઇ, ચખાડીને ફંસાતા. એની પાસેતો રોકડો એક પૈસો છે.

હીરો—એમાં એળચી ક્યાં જણાય છે? એળચી વાળીતો જોઇએ.

બરફીવાળો—(ઉંચામાં ઊંચી જાતની બરફી બતાવેછે)

હીરો—આતો સારી ખરી. -એ કેમ આપી?

બરફીવાળો—ચાર શેરની

હીરો—જોખ ચાર શેર.

(બરફી વાળો ચાર શેર બરફી જોખી આપેછે એટલે હીરો એક પૈસો આપી ચાલવા માંડેછે એટલે બરફી વાળો કહેછેઃ-)

બરફીવાળો—અલ્યા સાહુકાર, રૂપીઓ લાવની?

હીરો—કેમ, તેં પૈસાની ચાર શેર કહી, ને મેં એક પૈસાની ચાર-શેર લીધી. એમાં રૂપીઓ શેનો માંગેછે?

બરફીવાળો—(હસતો હસતો.) ખરેખર, આતો કોઇ-અક્કલનો બારદાનજ દેખાયછે.

હીરો—મારેતો પૈસાની જોઇએછે. પૈસાની કેટલી આપી?

(આણી તરફ બરફી વાળાનો છોકરો બેઠો હતો તેણે આવી હીરાને ખુબ બરફી-પેંડા જમાડેછે. બે પૈસાની બરફીતો ચાખવામાં ખાઈ ગયો. અડધો કલાક તો ખોટી કરયા, ને બેવકુફને પૈસાની બરફી જોઇએછે. એટલામાં કેટલાક લોકો દોડી આવ્યા. હીરો પણ અધમુઓ બની ગયો હતો. લોકોએ હીરાને જેમ તેમ છુટો પાડયો.)

હીરો—સાળા બધાજ લુચ્ચા. જમરૂખવાળો નઠારો એટલુંજ નહીં, પણ સાળો બરફીવાળોતો તેનો પણ દાદો નીકળ્યો જાઇએ હવે સકરજનવાળો શું કહેછે. (સકરજનવાળાની દુકા

ન આગળ જઇને) અલ્યા સક્કરજન છેકે ?

સક્કરજનવાળો—હા.

હીરો—વારૂ એક સારૂ જોઇને લાવ જોઇએ.

સક્કરજનવાળો—(એક સારૂ સક્કરજન હાથમાં આપે-છે. એટલે હીરો તેના હાથમાં એક પૈસો મુકી ચાલતો થાયછે.)

સક્કરજનવાળો—અલ્યા ઊભો રહે ચોર. (એમ એક-દમ દોડીને હીરાને ખુબ-તરેહથી મેથી-પાક જમાડેછે.

(હીરો તદન મરણ-તોલ થઇ જાયછે; અને કોઇ તેનુ સગુ તેને ગાડીમાં ઘાલી ઘેર લઇ જાયછે. અને ત્રીજે દિવસે મ-રી જાયછે.)

અણુસમજુ અને નાનો ધણી મોટી સ્ત્રીને કુ-કર્મ કરવા માંયના આપેછે. તેના હરેક નબળા કર્મથી સ્ત્રીને લજવાવુ પડેછે. અને હરેક પ્રકારે એવા દુરાચારી કર્મોથી માણસો પોતાનો વસને નબળી સ્થિતિમાં લાવનાર થઇ પડેછે.

સમાપ્ત.

શ્રી રાઇઝીંગ સ્ટાર પ્રીન્ટીંગ પ્રેસ. સુરત.

[illegible] ચોપડી 'ધી રાધજીંસ સ્ટાર પ્રીન્ટીંગ પ્રેસ' [illegible] ગોપામંદિર પાસે.